# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● સળંગ અંક : ૧૯૪ ● તા.૨૬ ફેબ્રુઆરી થી ૦૪ માર્ચ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## દક્ષિણ રત્ન, મહાતપસ્વી પરમ પૂજ્ય

# શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને ગણિપદ પ્રદાન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ત્યાગનો મહિમા મોટો

ત્યાગને બીજા અર્થમાં કહીએ તો તપ છે. ત્યાગ એટલે આપણું પોતાનું કોઈને અર્પણ કરવું. રાજી ખુશી અને આનંદિત થઈને આપણું સુખ ભોગ કે સમૃદ્ધિમાંથી એક નાનકડો ટુકડો આપીએ તો એ ત્યાગ છે. સર્મપણ છે. જે કઈ દાન પુણ્ય કરતાં અનેક રીતે ચડિયાતો હોય છે.

ત્યાગ એટલે તજવું. આપણે આપણને વ્હાલી હોય, અતિ પ્રિય હોય એ ચીજ કે વસ્તુ કે ભૌતિક પદાર્થ કોઈને અર્પણ કરવું, આપી દેવું એ ખરે ખર ઉત્તમ પુણ્ય છે. જીવનમાં ત્યાગનું કે છોડવાનું અતિ મહત્વ છે. પણ એ આનંદ સાથે કરાયો હોય તો મજબૂરીથી કે નારાજગીથી કરાયેલા ત્યાગ ભાવનાશીલ, લાગણીશીલ નથી હો તો. વસ્તુની પ્રાપ્તિથી આપણે આનંદ અનુભવીએ છીએ એ આનંદ આપણે કોઈ ચીજ વસ્તુને ત્યાગ કરતી વેળાએ અનુભવી શકીએ તોજ સાર્થક થઈ શકે. આપણું હતું તેનો અભાવ આપણે માણીએ સ્વખુશીથી અને સ્વાનંદથી તો જ ત્યાગની યર્થાથતા ગણાય. જે વસ્તુ આપણી પહોંચની બાહર હોય આપણી ગજા ઉપરાંત હોય તેની પ્રત્યે ત્યાગનો ભાવ રાખીએ એ છલના છે. બધુ છોડીને ભાગી જવું કે દુન્યવી સુખોને છોડી દેવાથી માત્ર ત્યાગ સધાતો નથી.

સંસાર છોડી દઈએ બધાનો ત્યાગ કરી દઈએ પરંતુ મન, મગજમાં સંસાર ભર્યો હોય તો તે ત્યાગની કોઈ કિંમત નથી. મનથી સંસારને છોડી દેવાનું, સમર્પણ ભાવથી ત્યાગ કરવું કઠિન છે. સાધુ જીવન સ્વીકારવું આસાન છે. પણ મનથી સંસાર તજવું કઠિન તપ છે. એક સંસાર છોડ્યા પછી સાધુતાનો વૈભવી આલમ રચાઈ જાય એ પણ સર્વથા નિંદનીય છે. આપણી સમજ છે કે સુખી અને શ્રીમંત વ્યક્તિ જ દાવ કરી શકે, આપી શકે. આમ ત્યાગ માત્ર તાલેવંત વ્યક્તિઓ કરે એવું આપણું માનવું છે. પણ હકીકતમાં તો દરેક માણસ, નાનો હોય કે મોટો, હીન હોય કે અમીર સૌ કોઈ પોતાની પાસે રહેલ શક્તિ અને સાધનો ના પ્રમાણમાં ત્યાગ કરી પોતાનો અવતાર દિપાવી શકે છે. માત્ર લાખ રૂપિયા ઉડાડવાથી ત્યાગનો મહિમા થતો નથી. ભૂખ્યો ગરીબ માણસ પોતાને માંડ માંડ મળેલી રોટલીમાંથી એક ટુકડો પણ બીજાને ત્યાગ કરૂણા અને દયા ભાવથી આપે તો એ ઉચ્ચ પ્રકારનો ત્યાગ છે. આમ જોઈતો ઉદાર માણસોજ ત્યાગ કરી શકે. કૃપણ, લોભી લાલચુ માણસોતો પોતાની જરૂરતની તો શું તેમની પાસે પડેલી નિરર્થક નકામી કે ફાજલ વસ્તુઓ પણ છોડી શકતા નથી. એમને તો કેવળ લેવામાં સંગ્રહ કરવામાં રસ હોય છે. છોડી દેવામાં નહીં.

ત્યાગ સાથે દયા અને ઉદાર ભાવ હોય તો જ તેની સાર્થકતા થાય. ત્યાગ એ તપશ્ચર્યા છે. એ અર્થ ભાવથી આપણે લઈએ તો ત્યાગનો આનંદ, તેમાં રહેલા સુખનો ભાવ જરૂર માણી શકીએ. જીવનમાં જે મળેલું છે. તે માણવું હર્ષપૂર્વક સ્વીકારવું આનંદપૂર્વક પસાર કરવું તેનો મર્મ સમજી તેને જીવવું એ સાર્થક જીવનની સફળતા છે. એટલે જ જ્ઞાનીઓ એ કહ્યું છે. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'. અલિપ્ત ભાવ, અનુરાગ દિન રહી કોઈ સુખ, સમૃદ્ધિનો સંતોષ સાથે છોડીએ એ જ ત્યાગ છે. મહા તપ છે.

– જય જ્ઞાતિમૈયા

# સુખને જાણવું માણવું આપણા હાથમાં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

સંસારમાં જીવતા જીવ અનેક પ્રશ્નો, વ્યવહારિક આંટી ઘૂંટીઓ, અનેકવિધ સમસ્યાઓ, મુશ્કેલીઓ આવવાની છે. જેનો સામનો કરવાનો છે. બધું આપણી મરજી પ્રમાણે થવાનું નથી. સંસારની આગમાં માણસે તપીને નક્કર થવાનું છે અને તેમાંથી બહાર આવવાનું છે. આપણ સૌ ઈશ્વર દ્વારા સર્જિત છીએ. કુદરતે તેનો જાદુ ચોમેર પાથર્યો છે પણ તેને સમજવાનું મુશ્કેલ છે. તેના સર્જનને સમજવા કરતાં તેને માણવું જોઈએ. તે દ્વારા તેનો સાક્ષાત્કાર કેવી રીતે માણી એ તો આપણા પણ આધારિત છે. કોઈપણ જાતના અભિમાન અને અહંકારના ભાર વગર જો તેની લીલા સર્જન અને સૃષ્ટિને માણીએ તો આપણી હેસિયતને જાણી શકીએ કે સમગ્ર સૃષ્ટિમાં આપણું કદ શું છે? કેટલું છે? ઊંચા પર્વતો, કલકલ વહેતાં ઝરણાંઓ, ઘેઘૂર હરિયાળા વૃક્ષો રંગબેરંગી વિવિધ ભાતના ફૂલ, ઝાડવાઓ, અઢળક પ્રકારના પક્ષીઓ અને તેના વિવિધ પ્રકારના કલરવ આકાશમાં ટમટમતા અસંખ્ય તારલાઓ, મંદ મંદ વહેતો પવન, શીતળતા આપતો ચંદ્ર તથા અજવાસ અને તાપ આપતો સૂર્ય. આમ પ્રભુએ આપણને મબલક આપ્યું છે. પણ તે પામવાનો કોઈ સંતોષ નથી, કોઈ હરખ નથી. માત્ર આપણા દંભ, માન અને અભિમાન તથા પૂર્વગ્રહના કોચલામાં આપણે ગૂંથાઈ ગયા છીએ, અટવાઈ ગયા છીએ.

અહંકારી માણસને કોઈનું સારું દેખાતું નથી. કોઈ તેનાથી આગળ નીકળી જાય એ પણ સહન કરી શકતું નથી. કોઈ તેની વાત ન સાંભળે, કાને ન ધરે, તો રોષે ભરાય છે. માન સન્માનને મળે તો માઠું લાગી જાય અને પદ, માન, આદર કે ઊંચા આસને બેસવાનું સન્માન મળે તો ફૂલી ફાળકો થઈ જાય છે અને એ પછી પોતાને કંઈક સમજી બેસે છે.

સંકટ કે આપતિકાળ આવેથી સગાઓની કે સાચા મિત્રોની પહેચાન થઈ જાય છે. જીવનમાં જે કંઈ મળ્યું છે તે પ્રભુની કૃપાથી મળ્યું છે, એ પ્રસાદ છે. એવી સમજ આવે તો જ્યારે બધું ચાલી જાય ત્યારે તેનો અવસાદ ન થાય. વસ્તુઓ છોડી દેવાથી ત્યાગી નથી બનાતું. મનની અંદરથી બધી વસ્તુઓનો મોહ છૂટે એ ત્યાગ છે. કામ, ક્રોધ, લોભ અને મોહથી વશ થઈને ખોટ કરનાર સૌથી વધુ દુ:ખી રહે છે. પ્રામાણિકતા ઈમાનદારી અને સત્યની રાહ પર ચાલનારને ક્યારે ભય બેચેની કે અસ્વસ્થતા નહી હોય. એટલે જિંદગી કેવી રીતે જીવવી એ એક માત્ર આપણા હાથની કે આપણા કાબૂની વાત છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC0ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## મુલુંડ ઈસ્ટ સંઘના આંગણે દક્ષિણ રત્ન, મહાતપસ્વી પ.પૂ.

# શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને ગણિપદ પ્રદાન









તા.૨૦ ફેબ્રુઆરી રવિવારના મંગલમય દિને સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાથી તેઓશ્રીના વિનયીશિષ્યરત્ન, દક્ષિણરત્ન, મહાતપસ્વી પ.પૂ.ગણિવર્યશ્રીધર્મપ્રભસાગરજી મ.સા.ને પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ને વરદ્ હસ્તે ગણિપદ કરાયું.

આ પાવન પ્રસંગે ઉગ્ર વિહારે પધારેલા પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ શ્રમણવૃંદ એવમ સુસાધ્વી પ.પૂ.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી નયદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા., પ.પૂ. આ.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વશ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા. આદિ શ્રમણીવૃંદની પાવન ઉપસ્થિતિ રહી હતી. પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. કચ્છ પ્રદેશથી પ.પૂ.મુનિરાજશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., પાલિતાણા તીર્થથી પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા.ના મંગલ આશિષ એવમ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.





# મુલુંડ ઈસ્ટ સંઘના આંગણે દક્ષિણ રત્ન, મહાતપસ્વી પ.પૂ.

# શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને ગણિપદ પ્રદાન







તથા પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ની શુભેચ્છાઓ પ્રાપ્ત થયેલ.

નૂત્તન ગણિવર્યને મંત્રપદ એવમ મંત્રપોથી વહોરવાના લાભાર્થી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો, નવકારવાળી મંત્રમાળા વહોરવાના લાભાર્થી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. પ્રેરિત શ્રી મહાવીર મિત્ર મંડળ બકરા અડ્ડા ભાયખલા, ગુરૂપૂજનના લાભાર્થીશ્રી વ્રજસ્વામી પાઠશાળા થાણા, કામળી વહોરવાના લાભાર્થી પૂ.ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા.ના સંસારી પરિવારજનો માતુશ્રી મણિબાઈ હીરજી દંડ લાલા, માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા વરાડિયા, માતુશ્રી મહાલક્ષ્મીબેન લક્ષ્મીચંદ લોડાયા નલિયા, માતુશ્રી માનબાઈ વાલજી દંડ લાલા, માતુશ્રી મણિબાઈ હિરજી દંડ લાલા હસ્તે સૂયકાંત હિરજી દંડ (નૂત્તન ગણિવર્યશ્રીજીના સંસારી ભાઈ).



પૂ.ગણિપદ પ્રદાનનો સૌ પ્રથમ ઐતિહાસિક લાભ મળવા બદલ શ્રી મુલુંડ સંઘ હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો હતો. નિશ્રા દાતા આચાર્યશ્રીજીના મુખેથી વિધિ અર્થનું શ્રવણ કરતા સાંનિધ્ય ગણિવર્યશ્રીના મુખેથી બોધ વચનો સાંભળતા સમજતા પધારેલા સકલશ્રીના આત્મીયજનોના ધર્મ, કર્તવ્યનું ભાવ માંગલ્ય પરંપરાએ મોટી થાય એજ શુભભાવના અને શુભકામના વ્યક્ત કરી હતી.

શ્રી અખિલ ભારત અચલગચ્છવિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ, શ્રી ક.વિ.ઓ.જૈન મહાજન, શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, શ્રી ગુર્જર સમાજ, મારવાડી સમાજ આદિ અનેક સંઘના ટ્રસ્ટીઓ એવમ પદાધિકારીઓ સહિત ગુરૂભક્તોની વિશાળ ઉપસ્થિતિ રહી હતી.

### માદરે વતનના વિકાસ માટે કચ્છીઓ આગળ આવ્યા

# મુલુંડમાં યોજાયેલ ગ્લોબલ કચ્છ મીટને મળી જબરદસ્ત સફળતા






'ગ્લોબલ કચ્છ જળ ઝિંદાબાદ' અભિયાન અંતર્ગત સોમવાર તા.૨૧ ફેબ્રુઆરી મુલુંડ-વેસ્ટના કાલિદાસ ઑડિટોરિયમમાં યોજાયેલી 'ગ્લોબલ કચ્છ મીટ'માં ગ્રામ વિકાસ, વૃક્ષારોપણ અને ગાયના ઘાસચારા જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે દાતાઓ ઊમટી આવ્યા હતા. આ 'ગ્લોબલ કચ્છ મીટ'માં કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન મુંબઈના પ્રમુખશ્રી નયનભાઈ ભેદાએ આપેલ વક્તવ્યમાં જણાવ્યું હતું કે કદઓ જૈન જ્ઞાતિની વસતી ધરાવતા ૨૦ ગામડાં અને કચ્છ જળ ધારા ટ્રસ્ટે ૧૨ ગામ દત્તક લેવાની જાહેરાત કરી હતી. દાતાઓના અતિ ઉત્સાહભર્યા વાતાવરણમાં ગઈ કાલે ૧૪ કરોડ રૂપિયાની માતબર રકમ દાનમાં મળી હતી. આ અગાઉ માટુંગાની 'ગ્લોબલ કચ્છ મીટ'માં દાતાઓએ વરસાવેલા દાનના ધોધમાં ૬.૭૫ કરોડ રૂપિયા ભેગા થયા હતા. ઍન્કરવાળા અહિંસા ધામ તરફથી બધી ગાયોને નિઃશુલ્ક ઘાસચારો આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ગાંડાબાવળનું નિદામણ કરી ગોચર જમીન પર દબાણ હટાવી તેને ખૂલ્લું કરાય એ માટે સરકાર સહકાર આપે એવી માંગ કરાઈ હતી.




'ગ્લોબલ કચ્છ જળ ઝિંદાબાદ'ના પ્રથમ ચરણમાં માંડવી અને અબડાસાનાં ૧૫૦ ગામમાંથી બાવન ગામના સર્વે થઈ ગયા છે. ગામના સંપૂર્ણ વિકાસ માટે હવે ત્યાં જરૂરી માળખું પૂરું પાડવામાં આવશે, જેનાથી ભૂગર્ભ જળ સંચય, પાણીનો કરકસરથી વપરાશ, ખેતીમાં પાણીની માગ ઘટાડવી, સેન્દ્રિય કાર્બન વધારવું, ગામદીઠ હજારો વૃક્ષોનું વાવેતર, ગૌચર વિકાસ વગેરે કાર્યોને પૂરાં કરવા માટે અનેરી ગતિ મળશે. ખારુઆ અને ભારાપરમાં અભિયાનને સંપૂર્ણ સફળતા મળી છે. હવે બીજા તબક્કામાં ઉસ્તિયા, હાજાપર, નરેડી, કોટડા રોહા, ડોણ, સણાસરા, શિરવા, વારાપધ્ધર, રાજપર અને મોડકુબા ગામના વિકાસની શરૂઆત થશે. જે ગામોને દાતાઓ તરફથી દત્તક લેવામાં આવ્યાં હશે એ ગામનું વિકાસકાર્ય પહેલાં શરૂ થશે. ચોમાસા પહેલાં ફેઝ-વનમાં ૮૦થી ૧૦૦ ગામનું કામ હાથ ધરવામાં આવશે. ત્યાર પછી બીજાં બે વર્ષમાં અન્ય ગામોને આવરી લેવામાં આવશે.

મહારાષ્ટ્રમાં જળક્રાન્તિ લાવનાર ગ્લોબલ વિકાસ ટ્રસ્ટના મયંક ગાંધીએ કહ્યું હતું કે 'કચ્છની ધરતીમાં અજબની તાકાત છે. કચ્છી લોકોમાં મીઠાશ છે કે મને કચ્છમાં કામ કરવાની પ્રેરણા મળી. કચ્છમાં માત્ર પાણી ખૂટે છે, તો પાણી માટેની મોટી ચળવળ શરૂ કરવી છે. આમ તો આ ચળવળ મારે આખા કચ્છમાં કરવી છે, પરંતુ પહેલા તબક્કામાં અબડાસાના કંકાવટી ડેમની, જે અબડાસા માંડવીના તાલુકાનાં ૧૬૦ ગામડાંઓને જોડે છે. આ તમામ ગામોમાં સ્થાનિક રહેવાસીઓએ પાણીનો સંગ્રહ કઈ રીતે કરી શકાય અને એના પરિણામ માટે લોકોને અને ખેડૂતોને જાગ્રત કરવાના કામથી શરૂઆત કરી છે.

### માદરે વતનના વિકાસ માટે કચ્છીઓ આગળ આવ્યા

# મુલુંડમાં યોજાયેલ ગ્લોબલ કચ્છ મીટને મળી જબરદસ્ત સફળતા




આનાથી ખેડૂતોની પરિસ્થિતિમાં પણ બહુ મોટો ફેરફાર જોવા મળશે. આ ચળવળથી લોકોને કચ્છમાં બહુ મોટું પરિવર્તન ટૂંક સમયમાં જોવા મળશે. બધા ભેગા મળીને કામ કરીશું તો ત્રણ વર્ષમાં કચ્છની સકલ બદલાઈ જશે. કચ્છમાં પાણી આવશે તો કચ્છ આપણા દેશનો સૌથી સમૃદ્ધ જિલ્લો બની શકે છે.'

માણસો માટે જેમ ભોજનશાળા હોય છે એવી રીતે ગૌશાળાને હકીકતમાં આપણે પશુ-પક્ષીઓની ભોજનશાળા રૂપે જોવી જોઈએ એમ જણાવતાં ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષા ડો. નીમાબહેન આચાર્યએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે 'પ્રવાસન અને ઔદ્યોગિક હબ તરીકે વિકસેલા કચ્છને પ્રાકૃતિક ખેતી અને જળ સંચયની ખેતીમાં વધુ સમૃદ્ધ કરીએ. ગુજરાત સરકાર ગ્લોબલ કચ્છ માટે હંમેશાં કચ્છની સાથે જ છે. સરકારે અત્યાર સુધી ૬૦૦ કરોડ રૂપિયા પશુપાલન માટે ખર્ચ્યાં છે. ગ્લોબલ કચ્છને સફળ બનાવવા માટે અને પ્રોત્સાહિત કરવા માટે અત્યાર સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છની ૮૯ વખત મુલાકાત લીધી છે.'

સમસ્ત મહાજનના ગિરીશ શાહે કહ્યું કે આપણે જો ગુજરાતનાં ૧૦ લાખ પશુઓની રક્ષા કરીએ તો આપણને ઑર્ગેનિક ફૂડ મળશે.

ઈશાન મુંબઈના સંસદસભ્ય મનોજ કોટકે કહ્યું કે 'મુંબઈના અને વિશ્વભરના કચ્છીઓએ કચ્છ માટે તન-મન-ધનથી સહયોગ આપ્યો છે. હવે કચ્છના થઈ રહેલા વિકાસને લીધે મુંબઈથી કચ્છીઓ કચ્છમાં સ્થળાંતર થવાનું શરૂ થઈ ગયું છે.

હમણાં સુધી આ અભિયાનમાં જોડાયેલ નીચે મુજબ ૧૧ નામોમાં ટુંક સમયમાં કામ શરૂ થશે.

ઉસ્તીયા, હાજાપર, નરેડી, કોટડા રોહા, ડોણ, સણોસરા, શિરવા, વારાપધ્ધર, રાજપર અને મોડકુબા અને ૧૨ ગામડા કચ્છ જલધારા ટ્રસ્ટ દ્વારા વિઘોડી, અબડા, જીજાંય, રસલિયા, રામપર, નેત્રા, ખોંભડી, ઉખેડા, ખાનાય, ઘભાણ, બાંઢિયા, નાની વિરાણી.



# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે.જૈન સંઘના ઉપક્રમે સમૂહ વર્ષીતપ પારણા મહોત્સવનું આયોજન

વૈશાખ સુદ ત્રીજ-અખાત્રીજ મંગળવાર તા.૩ મે,ના રોજ મુંબઈ ખાતે અગલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી રસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિપૂજ્ય ગણિવર્યો સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાયેલ. ચતુર્વિધ સંઘના સમૂહ વર્ષીતપ પારણા મહોત્સવમાં અચલગચ્છીય તપસ્વી આરાધકોને જોડાવવા ભાવભર્યું આમંત્રણ છે.

જે માટેના ફોર્મ નીચેના સ્થળેથી મેળવી, ભરી સમયસર પાછુ આપવા વિનંતી. ● શ્રી સંઘ કાર્યાલય - ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર ● શ્રી અનંતનાથ જિનાલય - ખારેક બજાર, મસ્જિદ બંદર ● જિરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, ઘાટકોપર પૂર્વ ● શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ પશ્ચિમ ● શ્રી સુમતિનાથ જૈન દેરાસર, મુલુંડ પૂર્વ ● શ્રી સુવિધિનાથ જિનાલય ડોંબિવલી પૂર્વ ● શ્રી મલ્લિનાથ જિનાલય, જોગેશ્વરી પૂર્વ ● શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય, નાલાસોપારા પૂર્વ ● શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય વાશી, નવી મુંબઈ ● શ્રી સહસ્ત્રાફણા પાર્શ્વનાથ જિનાલય માટુંગા સે.રે.

વધુ વિગત માટે સંપર્ક : પ્રવિણભાઈ - ૯૮૨૦૫૬૫૨૬૧, જિતેન્દ્રભાઈ - ૮૨૯૧૩૯૫૮૦૧.

# પ.પૂ.સા.શ્રી શ્રેયસકલાશ્રીજી મા.સા.એ સંયમ જીવન કાળના ૧૪ વર્ષ પૂર્ણ કર્યા



સુથરી ગામના માવિત્ર માતુશ્રી કુંવરજીબાઈ વિશનજી મોતાના સ્વજન મહાવદ ૧૧ વિક્રમ સંવત ૨૦૬૪ના તિથિ દિને સંયમપથ જીવન સ્વીકારવાના નિશ્ચય સાથે ગીતાબેન લલિત ધરમશી જખૌની ઓળખ ત્યાગી સોનગઢના ગુણોદય ધામ સ્થળે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ. સા. શ્રી શ્રેયસકલાશ્રીજી મા.સા.ના નામે ઓળખ પામ્યા. પૂજ્ય સાહેબ તા.૨૬ ફેબ્રુઆરી શનિવાર મહાવદ ૧૧ સંવત ૨૦૭૮ના દિને સુખશાતાપૂર્વક સંયમ જીવનના ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મા વર્ષમાં પુનિત પગરણ કર્યા છે. તેઓનું ધર્મ, તપ, પથ જીવન આગામી સમય એ સફળપણે આગળ વધી રજત, સુવર્ણ આંબીને હજુ વધુ આગળ આગળ વધે એ કામના ભાવના સાથે વંદના.

# માનવ જ્યોતે પાણી કુંડા તથા ચકલીઘર વિતરણ કાર્યનો પ્રારંભ કર્યો



આગામી ઉનાળા મોસમ પ્રારંભે અબોલ પક્ષીઓને માટે પાણી કુંડા તથા ચકલી ઘર વિતરણનો પ્રારંભ જિલ્લાના છેવાડાના નારાણ સરોવરથી શરૂ કરાયો. માનવજ્યોત ભુજના પ્રમુખ પ્રબોધ હિરાચંદ મુનવર એ તરસ્યા પક્ષીઓને રાહત મળે અને બળબળતા તાપમાં ચકલીઓને રાહત મળે માટે એ માટે નારાયણ સરોવરના પંચાયતી પ્રાથમિક શાળાથી પ્રારંભ કર્યો. જે સમગ્ર કચ્છમાં આ કાર્યનો પ્રસાર પ્રચાર કરી સુવિધા ઉભી કરાશે.

# વુમન્સ-ડે (મહિલા દિન)

## ૮ માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ

ચાલો આપણી જ્ઞાતિની મહિલાઓના
સન્માન નિમિત્તે આપના
પરિસરમાં રહેતી કે.ડી.ઓ.
મહિલાઓ જેમણે નેશનલ
અથવા ઈન્ટરનેશનલ લેવલ પર
કોઈ સારુ કાર્ય કર્યું હોય
તો તેઓ ૨ ફોટા સાથે
300 શબ્દોમાં વિગત લખીને
અમને ઈમેલ કરો. જે અમે
જ્ઞાતિમૈયા માં નિ:શુલ્ક એક સંભારણા
સ્વરૂપે પ્રકાશિત કરશું.




**ફોટા સાથે વિગત મોકલવાની છેલ્લી તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ રહેશે**

**આ વિશેષ અંકમાં આપની જાહેરાત આપો**

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**


Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 8850486781
Email : gyatimaiya2018@gmail.com

# મુલુંડ(પૂર્વ) સંઘના આંગણે પ.પૂ.સાધ્વશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા.ની વડી દીક્ષા જોગ પ્રવેશ થયો





ડોંબિવલી દીક્ષિત સુસાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા.ની વડી દીક્ષાનો જોગ પ્રવેશ તથા ૨ શ્રાવિકાઓએ ૧૨ વ્રતો સ્વીકાર કરેલ તેમજ ૧ શ્રાવિકાએ નવલખાનો અભિગ્રહ-સમ્હત્ય સહિત લીધો હતો. આ પ્રસંગે ચર્તુવિધ સંઘની તેમજ સંઘ, મહાજનના પદાધિકારીઓ સહિત વિશાળ ઉપસ્થિતિ રહી હતી.

# ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા વુમન્સ ડે નિમિત્તે 'મન કી બાત' કાર્યક્રમનું આયોજન

ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા ઈન્ટરનેશનલ વુમન્સ ડે નિમિત્તે તા.૮ માર્ચ મંગળવાર બપોરે ૪ કલાકથી લાયન્સ સ્પોર્ટસ પેવેલીયન, ઈમ્પીરીયલ લોન્જ, વી.પી. રોડ, મુલુંડ(વેસ્ટ) સ્થળે 'મન કી બાત ડૉ.સંગિતા શેટ્ટી કે સાથ' કાર્યક્રમનું આયોજન કરાયું છે.

જેમાં ઓબસ્ટ્રેશિયન, એન્ડોકોપિસ્ટ, ગાયનોકોલોજીસ્ટ લેડી ડૉક્ટર સ્વાસ્થ્ય છે. સૌથી મહત્વપૂર્ણ, એના વિના જીવન છે અપૂર્ણ. એ વિશે મહિલાઓનું યોગ્ય અને શાસ્ત્રોક્તપણે માર્ગદર્શન કરશે. મહિલાઓ પોતાની સ્વાસ્થ્ય જાળવણી માટે સજાગતા કેળવે અને પહેલું સુખ તે જાતે નર્યા એ પ્રત્યે જાગૃતિ ધરાવે એ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ છે.

સેમિનાર માટે કોઈ ચાર્જ નથી. રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. સંપર્ક : પારુલ ધુલ્લા - ૭૦૪૫૫૫૦૦૦૨, રીના લોડાયા - ૯૯૨૦૬૫૭૭૩૬૪, ભરત શાહ - ૮૪૫૨૮૭૧૨૧૨. સેમિનારમાં હાજર રહેનાર સભ્યોનું બ્લડ ચેકઅપ તદ્દન નજીવા દરે કરવામાં આવશે. સેમિનારમાં PCOS, PCOD, THYROID, CANCER, ANAEMIA ઈત્યાદિ મહિલાઓને લગતા ઉપયોગી ટોપિક પર વિશેષ માર્ગદર્શન અપાશે.

# કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સંભવિત વિહાર ક્રમ

ગુરૂગુણપાત્ર કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો આગામી સંભવિત વિહાર ક્રમ કાર્યક્રમ મુજબ તા.૨૮ ફેબ્રુઆરી સોમવાર અનંતનાથ દરબાર, ખારેક બજાર મસ્જિદ બંદર તથા ૧ માર્ચ મંગળવાર થી તા.૪ માર્ચ શુક્રવાર ખેતવાડી આ પ્રમાણે રહેશે. દર્શન, વંદન વ્યાખ્યાન વાણીનો લાભ પામશો.

# સંજીવની કેસ નં.૬૫ને માટે ડોનેશન રકમ રૂા.૭૭ હજાર માટે ટહેલ

સાંયરા હાલે ડોંબિવલીના ૬૪ વર્ષીય ભરત પદમશી લોડાયા તા.૨૩ ફેબ્રુઆરી બુધવારના પીઠના દુ:ખાવો અને ડાબા પગમાં સાયટિકાની અસરને કારણે ફિઝીયોથેરેપી ટ્રેક્શન લઈ રહ્યા છે. આગળ સુટ બ્લોક ઈન્જેક્શનની જરૂરિયાત રહેશે. પેશન્ટ પોતે એકલા છે. તેમના સગા સંબંધીઓ તેમની દૈનિક જરૂરિયાત પુરી પાડી નિર્વાહ કરે છે. કોરોના પેન્ડામિક સમયકાળથી તેમનું કોઈ રોજગાર કામ નથી કે નથી કોઈ બચત કે વીમાનો કવચ રક્ષણ તેઓના કપરા કાળને આપણે ઉદારતાથી હરાવી રાહત પહોંચાડીએ, ક્રાઉડ ફન્ડીંગથી તેમની રૂા.૭૭ હજારની સારવાર જરૂરિયાત પુરી કરીએ. દાન રકમ ૮૦જી અંતર્ગત કર રાહત માન્ય છે. જે માટે ડોનર એ પેન અને આધાર કાર્ડની ઝેરોક્સ આપવી.




# વિદર્ભ પ્રાંતના કારંજા લાડ સંઘમાં આદિનાથ દાદા જિનાલયનો ૮૫મો ધ્વજા મહોત્સવ સંપન્ન





મહારાષ્ટ્ર રાજ્યનો વિદર્ભ પ્રાંતમાં કારંજા લાડ સંઘમાં આદિનાથ દાદા જિનાલયનો ૮૫મો ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ તા.૨૩ ફેબ્રુઆરી બુધવારના રોજે વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે વિવિધ ધર્મ આરાધનાઓ ધર્મમય માહોલમાં સંપન્ન કરાઈ.

## સાંધવ નગરના શ્રી શાંતિનાથ દાદાના દરબારે ચૈત્રમાસની શાશ્વત આયંબિલ ઓળીની સામૂહિક આરાધનામાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવના ઉપક્રમે સાંધવનગરના શ્રી શાંતિનાથ દાદાના દરબારે તા.૭ એપ્રિલ શુક્રવાર થી શનિવાર તા.૧૬ એપ્રિલ સુધી ચૈત્રી માસની શાશ્વતી આયંબિલ ઓળીની સામૂહિક આરાધના પ્રસંગે ઓળીના આરાધકોને ધર્મભાવથી પધારવા ભાવભર્યું આમંત્રણ છે. લાભાર્થી પરિવાર માતુશ્રી રસિલાબેન માણેકજી લોડાયા પરિવાર મુલુંડ.

અતરવાયણા ગુરૂવાર તા.૭ એપ્રિલ પારણા દિન રવિવાર તા.૧૭ એપ્રિલ ૨૦૨૨. મુંબઈથી સાંધવ પધરામણી તા.૩ એપ્રિલના રોજ સયાજી ટ્રેનમાં આવવાનું રહેશે. મુંબઈ માટે રીટર્ન રવિવાર તા.૧૭ એપ્રિલ એ.સી. તથા તત્કાલ ટિકીટની રકમ આપવામાં આવશે નહીં. ટિકીટની રકમ સાંધવ પહોંચતા રીફંડ આપવામાં આવશે. તા.૭ એપ્રિલ ગુરૂવારના ભુજથી સાંધવ તથા તા.૧૭ એપ્રિલ રવિવારના રોજે સાંધવથી ભુજ આવવા જવાની વ્યવસ્થા કરવામાં આવશે.

અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. તથા સાંધવના દિકરી પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. આદિઠાણા તથા સાધુ સાધ્વીજી ભગવંતો પધારશે.

વધુ વિગત સંપર્ક : ગોવિંદજી પટેલ - ૯૮૨૦૫૪૦૯૪૯, રાજેશ દંડ - ૯૩૨૧૧૨૯૬૯૬, વીરચંદ ખોના - ૯૮૭૦૯૮૯૦૦૫, વિપુલ લોડાયા - ૯૮૨૦૮૮૫૭૧૭ તથા સંદીપ લોડાયા - ૯૮૬૭૧૬૭૩૮૭.

## પ.પૂ.ગણિવર્યોની માર્ચ મહિનામાં દક્ષિણ મુંબઈમાં સ્થિરતા રહેશે

પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમં પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. શનિવાર તા.૧૯ ફેબ્રુઆરીના બદલાપુર, તા.૨૦ ફેબ્રુઆરી રવિવાર ઉલ્લહાસ નગર, તા.૨૧ ફેબ્રુઆરી સોમવાર નવનીત નગર ડોંબિવલી, તા.૨૨ ફેબ્રુઆરી મંગળવાર કલવા, તા.૨૩ ફેબ્રુઆરી બુધવાર મુલુંડ (પૂર્વ), તા.૨૪ ફેબ્રુઆરી ગુરૂવાર અનંતછાયા ઘાટોપર, તા.૨૫ ફેબ્રુઆરી શુક્રવાર વડાલા, તા.૨૬ ફેબ્રુઆરી શનિવાર લાલબાગ, રવિવાર તા.૨૭ ફેબ્રુઆરી મજગાંવ થઈ તા.૨૮ ફેબ્રુઆરી સોમવાર વિહાર કરતાં મસ્જિદમાં પધરામણી કરી. તા.૧ થી ૩ માર્ચ ગોવાલિયા ટેંક તા.૪ થી ૭ માર્ચ તાડદેવ, તા.૮ થી ૧૦ માર્ચ કામાઠી પૂડા, ત્યારબાદ તા.૧૧ થી ૧૨ માર્ચ ખેતવાડી, તા.૧૩ માર્ચ પ્રાર્થના સમાજ, તા.૧૪ એ ૧૫ માર્ચ ભારતનગર, તા.૧૬ તથા ૧૭ માર્ચ નવજીવન સોસાયટી ગ્રાન્ટ રોડ, તા.૧૮ માર્ચ ભાયખલા, તા.૧૯ અને ૨૦ માર્ચ મોતીશા દેરાસર ભવ્યખલા અને તા.૨૧ થી ૨૩ માર્ચ સાત રસ્તા.

ગુરૂ દેવના દર્શન, વંદન વૈયાવચ્ચ પ્રવચનનો લાભ પ્રતિદિન જરૂર લેશો અને જીવનને ધન્ય ધન્ય કરશો.

## શંત્રુજય ગિરીરાજે શ્રી ૯૯ યાત્રા અને છરી પાલક યાત્રા સંઘ પૂર્ણ થતાં શ્રી આદિનાથ દાદાના મુખ્ય શિખરે ધ્વજારોહણ વિધિ થઈ



શત્રુંજ્ય ગિરીરાજ ઉપર શ્રી ૯૯ યાત્રા અને છ'રી પાલક સંઘ પૂર્ણ થતા માળ વિધિ બાદ અચલગચ્છાધિપતિ પૂજ્ય ગુરૂદેવોના આજ્ઞા આશીર્વાદ તેમજ દિવ્યકૃપાથી પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણી ભગવંતોની નિશ્રા ઉપસ્થિતિમાં શ્રી સંઘપતિ પરિવાર ગિરીરાજના શ્રી આદિનાથ સ્વામીદાદાના મુખ્ય શિખર ઉપર ધ્વજારોહણ વિધિ કરેલી. વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાનો સાથ સહયોગ રહ્યો હતો.



# મેડિકલ સમિતિની યોજનાના સંજીવની સિલ્વર પેટ્રોન દાતાને ભાવપૂર્વક નમન

સ્વ.હીરાવંતી મણિલાલ લોડાયા આરિખાણા ધુલિયાની માસિક પુણ્યતિથિ પ્રસંગે માવિત્ર પક્ષ શા.વાલજી નેણશી શિયાડ જખૌ જાલના હસ્તે અમિત, હર્ષદ, નિલેશ, સૌ. હિના, સૌ.જ્યોતિ, સૌ.હર્ષા એ વડીલ સ્વજનની સ્મૃતિ ચીરકાળ બનાવવા સમસ્ત મહાજનની જ્ઞાતિજનોને માટે મદદરૂપ એવી સંજીવની યોજનામાં સિલ્વર પેટ્રોન તરીકે રૂા.૨૫ હજારનું અનુદાન આપી જોડાયા છે. એમનો ઉદારતા ભર્યો હાથ જ્ઞાતિજનોની પીઠ ઉપર હૂંફ આપશે હેત અને વહાલની વર્ષા કરશે.

તેમની ઉદારતાને મેડિકલ સમિતિ ભાવપૂર્વક બિરદાવી આભાર વ્યક્ત કરે છે.




# પ્રો.ડો.મહિમા મોહિત દંડ તેરા હુબલીને વુમન્સ ઓફ સબ્સ્ટેન્સ એવોર્ડ

તેરા-હુબલીના પ્રોફેસર ડૉ.મહિમા મોહિત દંડ જાણીતા સોશિયલ વર્કર અને એક્ટિવિસ્ટ છે. તેમને તા.૬ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જયપુર-રાજસ્થાન સેન્ટર દ્વારા મહિલાઓની પ્રવૃત્તિઓને પીઠબળ આપવા, તેમના માટે પોઝિટીવ વિચાર અને પ્રવૃત્તિ કરવા બદલ વુમન્સ ઓફ સબસ્ટેન્સ એવોર્ડ એનાયત કરાશે.




| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## બારગાઉ છરી પાલક યાત્રા સંઘનો પાલીતાણા તીર્થે પ્રવેશ સાથે ગિરિરાજ ઉપર સંઘપતિ માળ આરોહણ વિધિ થઈ



અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવોના આજ્ઞા આશીર્વાદ અને દિવ્ય કૃપાથી શ્રીનિત રૂચિગુણ ગુણોદય ગુલાબ વસંત શંત્રુજ્ય તીર્થ ૯૯ યાત્રા પ્રસંગે બારગાઉ છરી પાલક યાત્રા સંઘ પ.પૂ. ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો તેમજ પ્રવર્તીની મહતરા સાધ્વી મુખ્યા પ.પૂ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ શ્રમણી ભગવંતોની સાથે ચતુર્વિધ સંઘ પાલીતાણા તીર્થે પ્રવેશ કરેલ અને ગિરીરાજ ઉપર સંઘપતિ માળ આરોહણની વિધિ થયેલ.

## ઘાટકોપર જીરાવલ્લા વિહાર ગ્રુપ દ્વારા રચાયો સુવર્ણ ઈતિહાસ

આજથી ૪ વર્ષ પહેલાં ઘાટકોપર જીરાવલ્લા સંઘમાં ચાતુર્માસ દરમ્યાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શનથી ૨ પ્રવૃત્તિની શરૂઆત કરાઈ. ૧) વિહાર ગ્રુપ અને ૨) સ્વાધ્યાય કેન્દ્ર. ઘાટકોપર સંઘે આ માટે જાગૃતિ લાવવા પહેલ કરી મુંબઈના વિવિધ સંઘોના મહિલા મંડળો, પૂજા અને સામાયિક મંડળોને ૩ દિવસમાં અલગ અલગ બોલાવી તે માતેની રજૂઆત કરી. અનેક સંઘમાં વિહાર અને સ્વાધ્યાયના ગ્રુપો શરૂ થયા. વિહાર ગ્રુપના કાર્યકરોનું પ્રથમ સ્નેહમિલન ઘાટકોપર સંઘના આંગણે ગણીવર્ય પ.પૂ.શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં યોજાયું. દરેક સંઘમાં વિહાર ગ્રુપની રચના કરવા માર્ગદર્શન અપાયું. ઘણા સંઘો વિહાર માટે સક્રિય થયા.

ગત ચાતુર્માસમાં ઘાટકોપર સંઘ દ્વારા દરેક પરાંના કુલ્લ ૭૨ સંઘોના વિહાર ગ્રુપના કેપ્ટનોનું લિસ્ટનું એક ફોલ્ડર પ્રકાશિત કરી દરેક સંઘમાં તેનું વિતરણ કરેલ હતું. તમારા સંઘના લિસ્ટમાં કોનું નામ છે તે વાંચીને આપને પણ આ વિહારની પ્રવૃત્તિમાં જોડાવવું હોય તો તમારા સંઘના તે લિસ્ટમાં આપેલ નંબરે ફોન કરી સંપર્ક કરવો.

આ વર્ષે ચાર્તુમાસ પરિવર્તન કારતક વદ ૧ તા.૧૯ નવેમ્બર ૨૦૨૧ના થયેલ ત્યારથી આજ તા.૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના સવારે ઘાટકોપર જીરાવલ્લા દરબારથી પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ને ચેમ્બુરમાં છેડા નગર સુધી વિહાર કરાવી ૧૦૦મો વિક્રમ જનક રીતે વિહાર પૂવર્ણ કરી સેન્ચુરી કરેલ છે. ઘાટકોપર જીરાવલ્લાના વિહાર ગ્રુપમાં ૧૦૦ થી વધારે ભાઈ બહેનો આ ગ્રુપમાં જોડાયેલા છે. અચલગચ્છના અન્ય ઘણા સંઘો પણ વિહારની પ્રવૃત્તિ માટે સક્રિય છે. હજી અમુક સંઘમાં આ માટે સુસ્તી છે. તો તેમને જાગૃત થવા વિનંતી છે. આપણા સાધુ સાધ્વીજીઓએ આપણી એસેટસ છે. તેમની સુરક્ષા કરવી એ આપણી પવિત્ર ફરજ છે. દરેક કાર્યકરોની ભૂરી ભૂરી અનુમોદના.

## નૂતન ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને પ્રદાન બાદ પૂજ્ય સાહેબને કામળી વહોરાઈ





મુલુંડ ઈસ્ટ સંઘમાં તા.૨૦ ફેબ્રુઆરી રવિવારે દક્ષિણરત્ન મહાતપસ્વી પ.પૂ.મુનિપ્રવર શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ને ગણિવર પદવી પ્રદાન કરાયા બાદ શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના અધિકારીઓ અને ટ્રસ્ટીઓએ કામળી વહોરાવી પોતાનો આદર ભાવ વ્યક્ત કર્યો હતો.

# દિવ્યાંગ શક્તિ તરીકે દિવ્યાંગજનોનો સધિયારો બનનાર દાતાઓની







સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના દિવ્યાંગ પાલક અને દિવ્યાંગ શક્તિમાં સમયાંતરે વિવિધ દાતાઓ પોતાની લક્ષ્મી દ્વારા દિવ્યાંગજનોની ઉપર ફંફાળો હાથ મૂકે છે. આમ પોતાની અનુકંપા દર્શાવી માનવતાનું ઉચ્ચ ઉદાહરણ દર્શાવે છે. અન્યને મદદરૂપ થવું એ પરમાર્થની ઉત્તમ નિશાની છે જે માનવ તરીકેની આપણી પવિત્ર ફરજ પણ છે.

રૂા.૨૫૦૦૦/-ની ઉદાર રાશિ નોંધાવી સ્વ.હીરાવંતીબેન મણિલાલ લોડાયા આરિખાણા ધુલ્લાની માસિક પુણ્યતિથિ પ્રસંગે માવિત્ર પક્ષ શા.વાલજી નેણશી શિયાળ જખૌ, જાલના હસ્તે અમિત, હર્ષદ, નિલેશ, સૌ.હિના, સૌ.જ્યોતિ, સૌ. હર્ષા એ વડીલ સ્વજનની સ્મૃતિ ચિરંજીવી કરી છે.

રૂા.૧૧૦૦૦ની રાશિ એક સાધર્મિક પરિવાર તરફથી દિવ્યાંગ શક્તિ યોજના માટે પ્રાપ્ત થઈ છે. આ રીતે પોતાનું નામ જાહેર નકરી ગુપ્તદાન કર્યું છે.

બંન્ને દાતાઓની ઉદારતાની ભવ્યતાથી અનુમોદના કરીએ છીએ.

# લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાના નવનિર્મિત દેવસ્થાનનું લોકાર્પણ

સાંયરા ગામમાં બિરાજમાન લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના સ્થાનકનું જીર્ણોધ્ધાર નવનિર્માણ અને સુશોભિકરણ દેવસ્થાનનું વિધિવત ઉદ્‌ઘાટન તા.૬ માર્ચ રવિવાર સવારે ૭.૩૦ કલાકે. કુળદેવી સચ્ચાઈ માતાજી અને પુડસા દાદાનું શુધ્ધિકરણ તથા ગંધી બદલાવા સાથે પહેડી પ્રસાદ સાંયરા ગામે રાખેલ છે.

તા.૫ માર્ચ શનિવારે બપોરે ૩ કલાકે કુળદેવી શ્રી સચ્ચાઈ માતા, શ્રી સખત માતા, શ્રી પોડસા દાદા, શ્રી સતીમાઁનું નિમાલ, સાંજે ૬.૩૦ કલાકે ભક્તિ સંધ્યા, ગરબા અને દાંડિયા રાસ, રવિવાર તા.૬ માર્ચ સવારે ૬ કલાકે વરઘોડો લાભાર્થી પરિવારના ઘરેથી દેવસ્થાનક સુધી રહેશે. સવારે ૭ કલાકે લાભાર્થી પરિવાર દ્વારા અને દેવસ્થાન લોકાપર્ણ અને લાભાર્થી પરિવારનું બહુમાન, સવારે ૭.૩૦ કલાકે દેવસ્થાન શુધ્ધિકરણ વિધિ વિધાન, સવારે ૧૦ કલાકે શ્રી સચ્ચાઈ માતાજી અને શ્રી પોડસાદાદાની ગંધી બદલવાનું વિધાન, બપોરે ૧૨.૩૦ કલાકે સામુહિક પહેડી અને મહાપ્રસાદ.

શ્રી સચ્ચાઈ માતાજી સ્થાનકનું જીર્ણોધ્ધાર નવનિર્માણ અને સુશોભિકરણનો સંપૂર્ણ લાભ લેનાર તથા તા.૬ માર્ચ એક દિવસની સાધર્મિક ભક્તિ, દેવસ્થાન શુધ્ધિકરણ, હવન વિધિ વિધાન તથા નૈવેદ્ય મહાપ્રસાદ લાભાર્થી માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા સહપરિવાર હ.અ.સૌ.જયાબેન શાંતિલાલ લોડાયા (સાંયરા ગાંધીધામ-મુલુંડ).

સંપર્ક કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી દેવસ્થાનક, દિપક ભવાનજી લોડાયા-૯૮૨૦૮૨૧૩૮૮, પરેશ જવેરચંદ લોડાયા-૯૯૮૭૭૦૬૨૧૧.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના કારોબારી પદાધિકારીઓની વરણી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન હુબલીની કારોબારી સમિતિ માટે પદાધિકારીઓની વરણી કરાઈ. જેમાં પ્રમુખ તરીકે ભરત બી.ખીમજી, ઉપપ્રમુખ તરીકે તિલકભાઈ કે. વિકમશી, મંત્રી શરદ એચ.મોમાયા, સહમંત્રી તરીકે કેતન એમ. મહેશ્વરી, ખજાનચી પદે યશપાલ સી. છેડા, સહખજાનચી તરીકે મોહિત એચ. દંડ અને ટ્રસ્ટીઓ તરીકે પ્રજેશ વી. પટેલ, અનિષ વી. મોમાયા, ચંદ્રકાન્ત જે. લોડાયા, શ્રીમતી સોનલબેન એ. મોમાયા તથા રીમાબેન એ. ધરમશી.

નવનિયુક્ત સર્વે પદાધિકારીઓને હાર્દિક અભિનંદન અને તેમના કાર્યકાળ દરમ્યાન જ્ઞાતિ સમાજહિતના વિવિધ ઉપયોગી કાર્યો સંપન્ન થાય એજ અભ્યર્થના.

---

# તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર મધ્યે ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની આયંબિલ ઓળીનું આયોજન

કચ્છ અબડાસાની પંચતીર્થીના તેરા નગરના શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયે ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની આયંબિલ ઓળી પ્રસંગે તા.૭ એપ્રિલ ગુરૂવારના અતર વાયણા, ઓળી પ્રારંભ શુક્રવાર તા.૮ એપ્રિલ, ઓળી પૂર્ણાહૂતિ શનિવાર તા.૧૬ એપ્રિલ અને પાવન પારણા રવિવાર તા.૧૭ એપ્રિલના થશે. આ પ્રસંગે શુભનિશ્રા અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનું વર્તીની માતૃહૃદયા પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા., શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રીજી ઋજુ પ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા.

પ્રસંગના લાભાર્થી પરિવાર આણંદ પરિવાર હસ્તે સૌ જયોતિબેન નરેન્દ્ર દંડ.

નવ દિવસ બન્ને મૂળ નાયક પરમાત્માની મનોહર અંગરચના કરવામાં આવશે. જીવદયા રૂપે પાંજરાપોળમાં પશુઓને ઘાસચારો, પક્ષીઓને ચણ, કૂતરાઓને રોટલા અને અનુકંપાદાન કરાશે.

નવપદની આરાધનાનો કાર્યક્રમમાં સવારે ૫ કલાકે શયન ત્યાગ, ૫.૩૦ કલાકે રાઈ પ્રતિક્રમણ, સવારે ૬.૪૫ કલાકે ગુરૂ ભક્તિ સાથે જિનાલય દર્શન, ચૈ.વં.દેવવંદના, ૭.૩૦ કલાકે પ્રભુજીની પક્ષાલ પૂજા, ૮ કલાકે સમૂહ સ્નાત્ર સહ આરાધકો સાથે પૂજા ભક્તિ, ૯.૩૦ કલાકે ગુરૂમૈયા દ્વારા નવપદનો આસ્વાદ, ૧૧ વાગે સિધ્ધચક્ર આરાધનાની ક્રિયા, બપોરે ૧૨ કલાકે આયંબિલ, ૨.૩૦ કલાકે શ્રી પાલ મહારાજ અને મયણા સુંદરીનું રાસ, સાંજે ૪ કલાકે અનેકવિધ ગોઠડી, જ્ઞાનવૃધ્ધિની રમતગમતો, સાંજે ૬ કલાકે દેવવંદન, સાંજે ૭ કલાકે પ્રતિક્રમણ, રાતે ૮.૧૫ કલાકે પરમાત્માની ભક્તિ ભાવના.

આયંબિલ ઓળી કરવા પધારનાર સર્વે તપસ્વીઓને તેમના ગામથી આવવા જવાની ટ્રેનની સ્લીપર કલાસની ટિકીટના રૂપિયા તેરા તીર્થે આપવામાં આવશે સર્વે તપસ્વીઓએ ત્વરીત નામ લખાવશોજી. સંપર્ક ગિરીશભાઈ મલ્મ/હીરાચંદભાઈ છેડા-૯૪૨૬૨૬૫૨૩૨, ૦૨૮૩૧૨૮૯૪૩૩/૨૨૩/૨૨૪.

# શ્રી કદઓ જૈન દેરાસર ટ્રસ્ટ ચાલીસગામના પ્રમુખ તરીકે
## શ્રી ધનપતિ શિવજી રતાણી લોડાયાની વરણી કરાઈ



મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પર વિસ્તારના ચાલીસગામના શ્રી કદઓ જૈન દેરાસર ટ્રસ્ટના પ્રમુખ તરીકે મૂળ ગામ કચ્છ તેરાના શ્રી ધનપતિ શિવજી રતાણી લોડાયાની સર્વાનુમતે વરણી કરાઈ છે. જે બદલ ખૂબ ખૂબ અભિનંદન અને સંઘ અને સમાજના હિતલક્ષી કાર્યો તેમના કાર્યકુશળ માર્ગદર્શનથી અવિરતપણે થતાં રહે એ અભ્યર્થના.


# ઉદાર હાથે સહાય કરો
## અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD
KDO Swaraj
KDO BUSINESS
KDO SANJIVANI
80G સર્ટિફીકેટ
C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY
KDO દિવ્યાંગ
સ્વાભિમાન
AAWAAS
KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# હૈદ્રાબાદ (સિટી) સંઘના જિનેશ્વર ધામ શ્રી શાંતિનાથ પ્રભુજી દેરાસરનો ૨૧મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાથી સંપન્ન









તેલગંણા રાજ્યની રાજધાની નગર હૈદ્રાબાદ સિટી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વરધામના શ્રી શાંતિનાથ પ્રભુજી દેરાસરનો ૨૧મો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ની નિશ્રામાં તેમજ વિધિકાર હર્ષ પ્રકાશ દેઢિયાના સંગાથે આનંદ ઉત્સાહના ભાવથી ઉમંગભેર સંપન્ન થયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ અદ્ભૂત ભાવ શ્રધ્ધા સાથે થઈ હતી.









## કચ્છ જશાપર તીર્થે ૧૪૫ મો ધ્વજામહોત્સવ વિવિધ ધર્મ આરાધનાઓ સાથે સંપન્ન



કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના જશાપર તીર્થે જિનાલયનો ૧૪૫મો ધ્વજારોહણ મહોત્સવના અવસરે પ.પૂ.મુનિશ્રી આર્યરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં અને યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે અઢાર અભિષેક, નવકાર જાપ, અનુષ્ઠાન તથા સતરભેદી પૂજા સહ ધર્મ આરાધનાઓ અઢળક ઉત્સાવ ભાવથી અને સંઘના શ્રાવક શ્રાવિકોના હેત ઉમંગથી ભવ્યતાથી થઈ.

## શ્રી આર્ય ગુણ ગુરુકૃપા જૈન તીર્થ રામજી કા ગોલમાં તીર્થભક્તિ ગુરુભક્તિની વાર્ષિક અભિનવ યોજના

શ્રી આર્ય ગુણ ગુરૂકૃપા જૈન તીર્થ રામજી કા ગોલમાં તીર્થ ભક્તિ, ગુરૂક્તિ, સાધર્મિક ભક્તિ સહ સાત ક્ષેત્રોમાં લાભ લેવાની અભિનવ યોજના વાર્ષિક સાધારણ મિતિ શરૂ કરાઈ છે. જેનો નકરો માત્ર રૂ.૨૩૦૦ વાર્ષિક રખાયો છે.

અનેક શ્રધ્ધાળુઓ દ્વારા લાભ લેવાનો સિલસિલો અવિરત ચાલુ છે. લાભ લેનાર લાભાર્થી પરિવારના બે નામ ગૌત્ર, ગામનુ નામ તીર્થ પરિસરમાં એક વર્ષ સુધી બેનર પર લખાયેલો રહેશે. સંપર્ક સૂત્ર ભીમરાજી બોહરા-૯૭૯૯૬૯૯૭૦૦, શંકરલાલજી પડાઈયા, અમદાવાદ-૯૩૨૭૦૫૮૩૯૧, અમૃતલાલજી કટારિયા સંઘવી, મુંબઈ-૯૩૨૦૪૨૫૫૯૬, લુણકરણજી સિંઘવી, બાડમેર-૯૪૧૪૧૦૬૫૦૭, છોગાલાલજી બોહરા, નવસારી-૯૮૨૪૧૩૭૯૯૪, માંગીલાલ બોહરા (મેનેજર) રામજી કા ગોલ-૯૯૫૦૦૨૭૭૮૯ તથા મનિષજી રામજી કા ગોળ-૯૬૪૯૪૧૫૧૫૦

## શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ ગોરેગામ દ્વારા જીવદયા અનુકંપા કરાઈ

તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૨ રવિવારના અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ ગોરેગામના યુવાનો દ્વારા જરૂરિયાતમંદોને ખાદ્ય અન્ન અને અબોલ પક્ષીઓને ચણ આપી જીવદયા અનુકંપાદાન કરાયું હતું.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ચાલીસગામ સંઘમાં પદ્મ પ્રભુ જિનાલયનો ૧૧૪મો ધ્વજારોહણ મહોત્સવ રંગ આનંદ ભાવથી સંપન્ન થયો





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંત વિભાગના ચાલીસગામ સંઘમાં શ્રી પદ્મ પ્રભુ જિનાલયનો ૧૧૪મો ધ્વજારોહણ મહોત્સવનો કાર્યક્રમ વિધિકાર પ્રવીણ સાવલા સથવારે સંપન્ન થયેલ. આ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભેરના સંગાથ સાથે થઈ.

# ઉપાધ્યાયે પદ અર્પણની ઘોષણા બાદ ભુજમાં શ્રી સંઘ એ પૂજન સાહેબના કર્યા વધામણા

શંખેશ્વર તીર્થે પ.પૂ.આ.ભ.અચલગચ્છાધિપતિ શ્રી દ્વારા અનુજ્ઞા અપાયા બાદ પ.પૂ.મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. ભુજ સંઘમાં પંચાન્હિકા મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા. તેઓશ્રીનું ભુજમાં અચલગચ્છ સંઘે ઉમળકાભેર અક્ષત વધામણાં કર્યા હતા. ગચ્છાધિપતિ પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરિ મહારાજાની નિશ્રામાં તા.૬મે ૨૦૨૨ના ૭૨ જિનાલયે ગણિ ઉપાધ્યાય પદ પ્રદાન કરશે.

# કચ્છના ગોધરા તીર્થે શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયનો ૧૨૧મો ધ્વજા રોહણ મહોત્સવ ભાવપૂર્ણ રીતે સંપન્ન થયો







કચ્છ પ્રદેશના ગોધરા તીર્થે શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયનો ૧૨૧મો ધ્વજા રોહણ મહોત્સવ પ.પૂ.મુનિશ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પાર્શ્વચંદ્રજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી શીલગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન સભર નિશ્રામાં યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે અઢાર અભિષેક, મહાકાળી માની ભાવના, શ્રી પંચ પરમેષ્ઠી મહાપૂજન, કુમારપાળ મહારાજની મહાઆરતી, સત્તરભેદી પૂજા સહ ત્રિહાન્હિકા મહોત્સવ ઉત્સાહ આનંદના માહોલ સાથે ધામધૂમપૂર્વક થયો.

# સાંયરા તીર્થે જિનાલયની ૧૪૪મી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન

કચ્છ અબડાસાના સાંયરા તીર્થ જિનાલયનો ૧૪૪મો ધ્વજારોહણ પ્રસંગે તા.૩ માર્ચ ગુરૂવારથી તા.૫ માર્ચ શનિવાર સુધી ત્રિહાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે.

પ્રથમ દિવસે તા.૩ માર્ચ ગુરૂવારના સવારના ૭.૩૦ કલાકે નવકારશી, ૧૦.૩૦ કલાકે મહેમાન અને સાંયરાવાસીઓનું વાજતે ગાજતે સ્વાગત, બપોરના ૧૨ કલાકે સાધર્મિક ભક્તિ, બપોરે ૩.૩૦થી ૫.૩૦ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા, સાંજના ૪ થી ૪.૩૦ ચા-પાણી, ૫.૩૦ થી ૭ સાધર્મિક ભક્તિ ચૌવિહાર અને સાંજના ૭ થી ૧૦ સંગીતમય પ્રભુભક્તિ આરતી, મંગલ દીવો અને વિવિધ ચડાવા તથા અન્ય કાર્યક્રમની રૂપરેખા. દ્વિતીય દિવસ શુક્રવાર તા.૪ માર્ચ સવારના ૭.૩૦ થી નવકારશી, ૯ કલાકે અઢાર અભિષેક, સવારના ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાકે અઢાર અભિષેકમાં ધ્વજાના ચડાવા, બપોરના ૧૨ કલાકે સાધર્મિક ભક્તિ સાંજે ૩ કલાકે ચા-પાણી, સાંજે ૫.૩૦ થી ૬.૪૫ સાધર્મિક ભક્તિ ચૌવિહાર, સાંજે ૭ કલાક સાંયરા રત્નતો વરઘોડો, રાત્રે ૮ કલાકે નવકારશી, બપોરના ૧૨.૩૯ કલાકે વિજય મુહૂર્તે ૧૪૪મી નૂતન ધ્વજા રોહણ, બપોરે ૧૨.૩૦ થી સાધર્મિક ભક્તિ, બપોરે ૩ થી ૪ ચહાપાણી, સાંજના ૫.૩૦ થી ૭ કલાક દરમ્યાન સાધર્મિક ભક્તિ-ચૌવિહાર, વિધિકાર સંગીતકાર કિશોર સંગાર ગુણ પુરીવાળા સંગીતના સૂરોની રમઝટ બોલાવશે.

આ અવસરમાં તન, મન, ધનથી નાનું મોટું યોગદાન આપી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી લાભ મેળવવા માટે ડાયમંડ દાતા રૂા.૧૧૦૦૦/-, ગોલ્ડન દાતા રૂા.૭૫૦૦ અને સિલ્વર દાતા રૂા.૫૦૦૦ની સ્કીમ છે.

સાંયરા રત્ન તરીકે શ્રી રતિલાલ દામજી ધ્રોળને નવાજાશે. ઈનામ વિતરણના દાતા શ્રીમતી ચેતના બિપિન મોમાયા પરિવાર ઐરોલી-સાંયરા. ત્રિહાન્હિકા મહોત્સવના સંપૂર્ણ કાર્યક્રમના ભાગ્યશાળી દાતા માતુશ્રી લીલાવંતી રાયચંદ નરશી ધ્રોળ પરિવાર સાંયરા-ડોંબિવલી. આ પ્રસંગે સાંયરાવાસી નિયાણી બહેનોને સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને ભાવપૂર્વક પધારવાનું આમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ દ્વારા અપાયું છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચંદ્રાબેન લાપસીયા**
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૫૮)
હાલાર-હૈદ્રાબાદ



**નિર્મલાબેન છેડા**
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૫૫)
નલીયા-ડોંબિવલી



**વિજય ધરમશી**
તા.૨૧ ફેબ્રુઆરી (ઉ.૭૧)
સાંયરા-પૂના



**મંજુલા નાગડા**
તા.૨૨ ફેબ્રુઆરી (ઉ.૭૫)
કોઠારા-મુલુંડ



**તારાબેન સાંયા**
તા.૨૫ ફેબ્રુઆરી (ઉ.૬૮)
સુજાપુર-ભુજ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ ગઢશીશાના હાલે ઔરંગાબાદ મહારાષ્ટ્ર નિવાસી કચ્છી લોહાણા યુવક જેસલ દીપકભાઈ કોટક ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરમાં સાયન્ટિસ્ટ તરીકે નિયુક્ત થયા છે. ભણવામાં પહેલેથી જ હોંશિયાર અને અનેક સ્કોલરશીપ સાથે જેઈઈ મેઈન્સની પરીક્ષામાં ઉચ્ચ રેન્ક મેળવ્યા બાદ આઈઆઈટીની તકોમાંથી જેસલે ઈસરો અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી સંસ્થા ત્રિવેન્દ્રમ સેન્ટરની ડ્યુઅલ ડિગ્રીનો કોર્સ લેવાનો નિર્ણય લીધો હતો.

● ગોવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ રજૂ કરવામાં આવેલા ડેમોમાં મૂળ મોથાળાના યુવાન વિવેક ધર્મેશ ભાનુશાલી-મંગે એક અનોખો રોબોટ મોડેલો બતાવ્યો હતો. એક ખાનગી કંપનીમાં રોબોટીક સોફ્ટવેર ઈજનેર તરીકે કામ કરતા ભાનુશાલી સમાજના હોનહાર યુવક વિવેકએ જે રોબોટ રજૂ કર્યો તે પાણીમાં કોઈપણ માણસને ડૂબતો હોય તેને બચાવવાની કોશિશ કરે છે અને આવા સમયે આ રોબટ એલાર્મ વગાડે છે અને લોકોને સજાગ કરી ડૂબતા વ્યક્તિને બચાવી લેવામાં આવે છે. મોથાળા જેવા ગામડાના ખેડૂત પરિવારના યુવાને પોતાના ઈજનેરી કૌશલ્યનો ઉપયોગ રોબોટ બનાવવામાં કર્યો હતો. તેના પિતા ધર્મેશ બાબુલાલ મંગે મુંબઈમાં ધંધો કરે છે.

● ગાંધીધામની ફેશન ડિઝાઈન એન્ડ ઈન્ટિરિયર ડિઝાઈન ક્ષેત્રે કાર્યરત વિઝ્યુઅલ પેલેટ ડિઝાઈનિંગ સ્ટુડિયો દ્વારા ક્રિએટીવ ટેલેન્ટ હન્ટ તથા બેસ્ટ એન્કર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩ થી ૮ વર્ષ, ૯ થી ૧૨ અને ૧૩ વર્ષથી ઉપરના સ્પર્ધકો એ અલગ અલગ તથા પ્લાસ્ટિક વેસ્ટ મટીરિયલમાંથી બનેલા વસ્ત્રો પહેરી રેમ્પ વોક કર્યું હતું. સ્પર્ધામાં પસંદગી પામેલ ઉમેદવારોને ફેશન એક્ટસીના મેગા ફાઈનલમાં ભાગ લેવાનો મોકો મળશે. યોગ ટ્રેનર હીના રાજગોર, મોડલ રાહુલ ચંચલાણી તથા વિઝ્યુઅલ પેલેટના સંચાલક જાગૃતિ જેમ્સ ઠક્કર નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

● ભુજના સેડાતા પાસેની સૂર્યા વરસાણી એકેડેમીમાં અભ્યાસ કરતા યશ હિતેશ ગણાત્રા એ માત્ર ૧૧ વર્ષની વયે અને કોરોના સર્જેલા અવરોધો વચ્ચે એક જ વર્ષમાં ધોરણ સાત, આઠ, નવ અને બોર્ડનું મહત્વનું ધોરણ દસ મળી કુલ્લ ચાર ધોરણની પરીક્ષા તમામમાં ૯૫ ટકા થીવધુ ગુણ સાથે ઉત્તીર્ણ થવાનું પરાક્રમ કર્યું. આ વિરલ સિધ્ધિ મેળવવા બદલ કેમ્બ્રિઝ બોર્ડની ઈન્ટરનેશનલ જનરલ સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન દ્વારા ચંડીગઢમાં નેશનલ ચાઈલ્ડ પ્રોડીજી ઉત્કૃષ્ટતા એવોર્ડ એનાયત કરાયો. સાથે જ ઈન્ટરનેશનલ ચાઈલ્ડ પ્રોડીજી એવોર્ડ માટે પણ પસંદગી પામ્યો છે. દુબઈ ખાતે હવે પછી યોજાનારા સમારોહમાં આ એવોર્ડ અપાશે. એશિયા બુક ઓફ રેકોર્ડસ, યુનિક વર્લ્ડ રેકોર્ડ, હાવર્ડ, લીડસ મિ.શિગન, ગૂગલ, બ્રિટિશ કાઉન્સિલ, લંડન સ્કુલ સહિતની ખ્યાતનામ યુનિવર્સિટીઓમાંથી માત્ર ૨૦ દિવસમાં ૫૫ ઓનલાઈન કોર્સ કરવા બદલ ઈન્ટરનેશલ બુક ઓફ રેકોર્ડસ દ્વારા સુપર ટેલેન્ટેડ કિડનો ખિતાબ સહિતની અનેક સિધ્ધિ યશ ધરાવે છે.

● અંજારના વિરલ યોગ સેન્ટરના યોગાચાર્ય વિરલ બાબુભાઈ હડિયાએ વિશ્વનો પહેલો નોન સ્ટોપ ક્લેપીંગ વર્લ્ડ રેકોર્ડ ૩ કલાક ૧૦ મિનિટમાં ૩૩,૯૦૦ થી વધુ તાળીઓ પાડીને નોંધાવીને કચ્છનું ગૌરવ વધાર્યું છે. યોગ ક્લેપીંગ થેરેપીએ યોગની એક એવી કસરત છે જેનાથી આખા શરીરનું એક્યુપ્રેશર થાય છે અને આખા શરીરનું રૂધિરાભિસણ સારી રીતે થાય છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA